# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 23-03-2026** **Midday : 2.30 to 2.35 pm**

**Day : MONDAY** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **હેમાંગીની સોનારા** વાંચે છે.

---

(સમાચારને અંતે)

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા હતા. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલૉ કરશો.

(GONG MUSIC)

---------------------------------------------------------------------------

આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

(હવે પછી આપ સાંજે સાત વાગીને દસ મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો.)

(CLOSING MUSIC)

# VIDHAN SABHA

ગુજરાત વિધાનસભામાં આજે ઉર્જા પેટ્રોકેમિકલ્સ, આરોગ્ય અને પંચાયત વિભાગના પ્રશ્નોથી ગૃહની કામગીરીની શરૂઆત થઈ. કીડની ઇન્સ્ટિટ્યૂટમાં ડાયાલિસિસી મશીનોની ખરીદીમાં ગેરરીતિ અંગે ગૃહમાં પૂછાયેલ પ્રશ્નના જવાબમાં આરોગ્ય મંત્રી પ્રફુલ પાનસેરિયાએ જણાવ્યું, પ્રાથમિક અહેવાલ મુજબ કેટલાક કર્મચારીઓને ફરજમોકૂફ કરાયા છે અને તપાસ માટે વિશેષ સમિતિની રચના કરાઇ છે જેના અહેવાલ બાદ કાર્યવાહી કરાશે. ગૃહમાં આજે નાણાં અને આરોગ્ય વિભાગની માંગણીઓ પર ચર્ચા થશે. ઉપરાંત આજે ચાર લાખ કરોડ રૂપિયાથી વધુનું રાજ્ય સરકારનું અંદાજપત્ર પણ પસાર કરાશે.

# REVENUE BUDGET PC

મહેસૂલ વિભાગના વર્ષ ૨૦૨૬- ૨૭ના બજેટની માહિતી અંગે આજે ગાંધીનગર ખાતે પત્રકાર પરિષદ યોજાઇ હતી તેમાં મહેસૂલ વિભાગના અધિક મુખ્ય સચિવ ડૉ.જયંતિ રવિએ જણાવ્યું, મહેસૂલી તંત્રમાં એક હજાર 546 નવી જગ્યાઓ ઉભી કરાશે.  તેમજ રાજ્યના 51 તાલુકામાં મહેસૂલ વિભાગના કર્મચારીઓના આવાસ બનાવાશે. મહેસૂલ વિભાગે લીધેલા વિવિધ નિર્ણય અંગે પણ તેમણે માહિતી આપી.

(બાઇટ : ડૉ.જયંતિ રવિ, અધિક મુખ્ય સચિવ)

# E-NAGAR PORTAL

નગરપાલિકાની વિવિધ સેવાઓ એક જ મંચ પર લાવવાના ઉદ્દેશથી ગુજરાત શહેરી વિકાસ મિશન દ્વારા શરૂ કરાયેલા ઇ-નગર પોર્ટલમાં વર્ષ 2025-26માં 18 લાખથી વધુ વ્યવહાર નોંધાયા છે.જેનાથી એક હજાર 31 કરોડથી વધુ રૂપિયાની આવક થઈ છે જ્યારે આ પોર્ટલ પર એકંદરે એક કરોડ 24 લાખથી વધુ વ્યવહાર થયા છે જેનાથી 6 હજાર 76 કરોડ રૂપિયાથી વધુની આવક પ્રાપ્ત થઈ છે.

ઉલ્લેખનીય છે કે, નાગરિકો માટે ટેક્સ ચૂકવણી, લાયસન્સ માટેની અરજી, લગ્ન નોંધણી, મકાનની પરવાનગી, પાણી અને ડ્રેનેજ જોડાણોનું સંચાલન જેવી સેવાઓ ઇ-નગર પોર્ટલ પર ઉપલબ્ધ છે.

# PORBANDAR GHED MELO

પોરબંદરમાં સુપ્રસિદ્ધ માધવપુર ઘેડ મેળાની તૈયારીઓ ચાલી રહી છે. આગામી 27 માર્ચથી 31 માર્ચ દરમિયાન યોજાનાર આ મેળા અંગે માહિતી આપતા પોરબંદર જિલ્લા કલેક્ટર શ્રી એસ. ડી. ધાનાણીએ જણાવ્યું હતું કે, લોકોને વધુ સુવિધાઓ મળે તે માટે આ વખતે મેળાના લે-આઉટમાં નોંધપાત્ર ફેરફારો કરાયા છે.

(બાઈટ - એસ. ડી. ધાનાણી (જિલ્લા કલેકટર પોરબંદર)

# MORBI JANSAMPARK

વ્યાજખોરીના ચક્રમાં ફસાયેલા લોકો માટે મોરબી પોલીસ દ્વારા વિશેષ જન સંપર્ક સભાનું આયોજન કરાયું છે ત્યારે આવતીકાલે યોજાનાર આ સભામાં જોડાવા નાયબ પોલીસ અધિક્ષક જે એમ આલે અપીલ કરી છે.

(બાઈટ: જે એમ આલ, DYSP મોરબી)

# MAHISAGAR-CHILD MARRIAGE

મહીસાગર જીલ્લાના ખાનપુર તાલુકામાં આજે એક  અને કડાણા તાલુકાના ગ્રામ્ય વિસ્તારમાં બે બાળકીઓના બાળ લગ્ન અટકવામાં આવ્યા છે.  મહીસાગર જીલ્લામાં સતત બાળ લગ્નના કેસ  સામે આવી રહ્યા છે . ત્યારે સતત બાતમીના આધારે જીલ્લા બાળ લગ્ન પ્રતિબંધક અધિકારીની અલગ અલગ 3 ટીમ દ્વારા તાત્કાલિક ઘટના સ્થળે પહોંચી બાળ લગ્ન અટકવામાં આવ્યા હતા.

# MAHESANA- STAR OF THE DAY PROJECT

મહેસાણા જિલ્લાના વિજાપુરની પ્રાથમિક શાળામાં વિધાર્થીઓના સર્વાંગી વિકાસ માટે સ્ટાર ઓફ ધ ડે પ્રોજેકટની શરૂઆત કરાઈ છે. પ્રાર્થનાસભા કે વર્ગ ખંડમાં બોલતી વખતે સંકોચ અનુભવતા વિદ્યાર્થીઓની નબળાઈને દૂર કરી તેમનામાં આત્મવિશ્વાસ જગાડવા શાળાના છેલ્લા પિરિયડમાં દરરોજ 20 મિનિટ સમય ફાળવવામાં આવતો તેમાં વિધાર્થીઓ પોતાનું કૌશલ્ય વર્ગમાં બતાવતા હતા.આને પરિણામે ધોરણ 8નો વિધાર્થી દિપક ભીલે તીરંદાજીમાં આવડત બતાવી રાજ્યકક્ષાએ સ્પર્ધાઓમાં સફળતા મેળવી છે.આમ સ્ટાર ઓફ ધ ડે પ્રોજેકટ વિધાર્થીઓ માટે સર્જનાત્મક અને કૌશલ્ય વધારી રહ્યું છે.